# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-02-2025 Day : Tuesday Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## સંરક્ષણ મંત્રી – મેગા એરો ઈન્ડિયા શો

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ગઈકાલે બેંગલુરુમાં ભવ્ય મેગા એરો ઈન્ડિયા શોનું ઉદ્ઘાટન કર્યું હતું.

રાજનાથસિંહે એરોસ્પેસમાં એશિયાના સૌથી મોટા પ્રદર્શનને સંરક્ષણ ઉત્પાદનમાં આપણી શક્તિ અને સ્થિતિ સ્થાપકતાનું પ્રતિબિંબ ગણાવ્યું. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે એરો ઇન્ડિયા દેશની ઔદ્યોગિક ક્ષમતાઓ અને તકનીકી પ્રગતિને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરે છે અને મિત્ર દેશો સાથેના સંબંધોને મજબૂત બનાવે છે.

-----------------------------------------------------------------------------------------

## સીએમ – પરીક્ષા પે ચર્ચાનું પ્રસારણ

'પરીક્ષા પે ચર્ચા'ની આઠમી કડી અંતર્ગત રાજ્યની 40 હજારથી વધુ શાળાના 61 લાખ 50 હજારથી વધુ વિધાર્થીઓએ પ્રધાનમંત્રીનાના સંવાદનું પ્રસારણ નિહાળ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદની ક્રિસ્ટલ સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો. શ્રી પટેલે વિદ્યાર્થીઓને તણાવ મુક્ત રહીને અને ડર છોડીને પરીક્ષા આપવા અનુરોધ કર્યો. શ્રી પટેલે જણાવ્યું કે, વિદ્યાર્થી જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે સમયનું વ્યવસ્થાપનએ એક માત્ર ઉપાય છે.

આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયા અને ઉદ્યોગ રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિત રહ્યા હતા. શ્રી પાનશેરિયાએ જણાવ્યું કે ફળની આશા રાખ્યા વિના જ મહેનતરૂપી કર્મ કરતાં રહેવું જોઈએ.

તો ગાંધીનગરમાં કડી સર્વ વિદ્યાલયના બાળકો સાથે પ્રધાનમંત્રીના 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમ નિહાળતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે જણાવ્યું કે સફળતા માટે સખત મહેનત, આત્મવિશ્વાસ અને આત્મનિયંત્રણ ખૂબ જ મહત્વના છે. આ પ્રસંગે શ્રી દેવવ્રતે વિદ્યાર્થીઓને પરીક્ષા સમયે વધુ સારું પ્રદર્શન કેવી રીતે કરી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું.

---

## કૃષિ માળખાકીય સુવિધા ભંડોળ

રાજ્યમાં એગ્રીકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ–AIF એટલે કે, કૃષિ માળખાકીય સુવિધા ભંડોળ યોજના હેઠળ અત્યાર સુધીમાં ૩ હજાર ૫૦૦ કૃષિલક્ષી પ્રોજેક્ટ્સ માટે ૩ હજાર ૯૦૦ કરોડ રૂપિયાની સહાય મંજૂર કરવામાં આવી છે.

કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું આ ભંડોળ દ્વારા ખેડૂતોને તેમની ઉપજના સંગ્રહ અને પ્રોસેસિંગ માટે સારી સુવિધા અને નવી ટેકનોલોજી મળશે. આ અંગે વધુ વિગતો આપતાં, તેમણે જણાવ્યું આ પ્રોજેક્ટ્સમાં ૬૪૩ સોર્ટીંગ અને ગ્રેડિંગ યુનિટ, ૫૮૫ વેરહાઉસ, ૫૫૫ કસ્ટમ હાયરીંગ સેન્ટર, ૫૪૦ પ્રાયમરી પ્રોસેસિંગ યુનિટ તેમજ ૨૩૬ જેટલા કોલ્ડ સ્ટોરેજ અને કોલ્ડ ચેઈનના પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. આ યોજનાથી કૃષિક્ષેત્રે ગ્રામીણ રોજગારીની તકોમાં અનેકગણો વધારો થયો છે. આ યોજનાના સફળ અમલીકરણ અને ઉત્કૃષ્ટ કામગીરીમાં ગુજરાત દેશમાં પાંચમા ક્રમે આવતા કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણના હસ્તે પુરસ્કાર એનાયત કરાયો હતો. ઉલ્લેખનીય છે કે, દેશના ખેડૂતોને સ્વનિર્ભર બનાવવા તેમજ કૃષિ સંબંધિત માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૨૦માં આ યોજનાની જાહેરાત કરી હતી, જે વર્ષ ૨૦૩૩ સુધી અમલમાં રહેશે.

---

## હેલ્મેટ ફરજિયાત

રાજ્ય પોલીસવડા વિકાસ સહાયે સરકારી કર્મચારીઓને ટ્રાફિક નિયમોનું પાલન કરવા સ્પષ્ટપણે સૂચના આપી છે.

રાજ્યની સરકારી કચેરીઓના પ્રવેશ અને નિકાસ ઉપર ટ્રાફિક પોલીસ હાજર રહેશે તેમજ હેલ્મેટ નહિ પહેરેલ કર્મચારી સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવશે. આજથી આ નિયમનું કડક પાલન કરાવવા અંગે શ્રી સહાયે સૂચના આપી છે.

------------------------------------------------------------------------------------------

## રક્ષાભૂમિ દર્શન એપ

રક્ષામંત્રી રાજનાથ સિંહે ગત મહિને 'ભારત રણભૂમિ દર્શન' એપ લોન્ચ કરી હતી. જેમાં ગુજરાતના પાંચ સહિત 77 શૌર્ય સ્થળો છે. જેમાં કચ્છ, ભુજ, લખપત, કોટેશ્વર અને સુઇગામનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રવાસન મંત્રાલય દ્વારા સંસદમાં જણાવાયું હતું કે, 'રણભૂમિ' એપ અને 'ભારત રણભૂમિ દર્શન' પહેલ દેશના નાગરિકો માટે ઐતિહાસિક મહત્વના સ્થળો ખોલવા માટે શરૂ કરવામાં આવી છે. આ સ્થળો ભારતીય સશસ્ત્ર દળોના બલિદાનનું પ્રતીક છે. આ માટે 77 શૌર્ય ગંતવ્ય સ્થળોની રાજ્યવાર વિગતો જાહેર કરવામાં આવી છે. ભારતીય સેનાએ રાજ્ય સરકારો અને પર્યટન મંત્રાલય સાથે મળીને આ સ્થળોએ મુલાકાતીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે પગલાં લીધા છે.

------------------------------------------------------------------------------------------

## નીટની પરીક્ષા

રાજ્યની મેડિકલ-ડેન્ટલ કોલેજોમાં પ્રવેશ માટે આગામી 4થી મેના રોજ નીટ પરીક્ષા લેવામા આવશે. આ પરીક્ષા માટે હાલમાં ઓનલાઇન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. જે આગામી 7મી માર્ચ સુધી ચાલશે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા ગુજરાતી સહિત 13 ભાષાઓમાં નીટ લેવામાં આવશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી દિવસોમાં ધોરણ 12 સાયન્સની પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષાની સાથે સાથે મેડિકલ-ડેન્ટલ, આયુર્વેદ અને હોમિયોપેથીમાં પ્રવેશ માટે લેવાનારી નેશનલ એલિજાબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટની જાહેરાત પણ કરી દેવામાં આવી છે. આ પરીક્ષાના આધારે 14મી જૂનના રોજ નીટનું પરિણામ જાહેર કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------

## કાયાકલ્પ એવોર્ડ

વર્ષ 2024-25ના કાયાકલ્પ એવોર્ડ માટે ગાંધીધામ તાલુકાના કિડાણા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પ્રથમ અને પડાણા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર જિલ્લામાં તૃતિય ક્રમે જાહેર કરવામાં આવ્યું છે. કાયાકલ્પ એવોર્ડ માટે કેન્દ્રની સ્વચ્છતા, વિવિધ કાર્યક્રમો, આરોગ્ય વિષયક સેવાઓ, સાધનો, દવાઓ તેમજ લોકોની ભાગીદારી સહિતની બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે.

---------------------------------------------------------------------------------